ગાંધીનગર સમાચાર
તા. ૨૩-૪-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### સંસદનું શુદ્ધીકરણ-શક્ય બને તો ઉત્તમ...

સંસદ કહેતાં પાર્લામેન્ટ માટે 'હિંદ સ્વરાજ'માં મહાત્મા ગાંધીએ વેશ્યા શબ્દ વાપર્યો ત્યારે એમને ખબર હતી કે અનિવાર્ય અનિષ્ટ તરીકે ભારતને આઝાદી મળ્યા પછી સંસદીય લોકશાહીની પદ્ધતિ જ અપનાવવી પડશે પરંતુ સંસદમાં ચૂંટાનાર બધા દૂધે ધોયેલા હશે એવી અપેક્ષા વધારે પડતી જ ગણાશે. મહાત્મા ગાંધીએ છેક ૧૯૦૮ની સાલમાં સંસદ વિશે કલ્પેલી અવધારણા આજે તંતોતંત સાચી પડી રહી છે ત્યારે ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી એમની પ્રચારસભાઓમાં સંસદમાંથી ગુનેગારોની સાફસૂફી કરવાના મનોરથ સેવતા હોય તો તે દિવાસ્વપ્નથી વિશેષ કંઈ જ નથી. જગજાહેર છે કે મુલાયમસિંહ અને માયાવતી જેવાં પ્રાદેશિક નેતાઓ સામે આવા કેસો પેન્ડિંગ છે. મોદી તો મેડમના જમાઈરાજને પણ જેલ ભેગા કરવાનું વચન આપી ચૂક્યા છે! પરંતુ કઠોર વાસ્તવ તો એ છે કે ચૂંટણી પંચ સમક્ષ કરવી પડતી કબૂલાત અન્વયે સૌથી વધારે ગુનાખોર ઉમેદવારો ભારતીય જનતા પાર્ટીના ખાતે ચડેલા છે. રાજકારણને રામકારણ સાથે જોડવાથી લઈ ખંડણી ઉઘરાવનારા બાહુબલી કે ભૂમિ-માફિયાઓને નરેન્દ્ર મોદીના નાક નીચે ભાજપના પાર્લામેન્ટરી બોર્ડે બોલાવી બોલાવીને ટિકિટો આપી છે. રાજકારણનું અપરાધીકરણ એ વૈશ્વિક ઘટના છે. ભ્રષ્ટાચાર પણ વૈશ્વિક ઘટના છે. આ બાબતોનો ઈન્દિરા ગાંધીએ તો નિખાલસભાવે સ્વીકાર પણ કર્યો હતો. ખુદ અટલબિહારી વાજપેયીએ ચૂંટણીમાં કાળાં નાણાં વાપરવાં પડતાં હોવાની કબૂલાત કરેલી છે. મોદી જયારે દેશની રાજકીય વ્યવસ્થા અને સંસદને ગુનાઈત તત્વોથી મુકત કરવાની ડીંગ હાંકે છે ત્યારે એમના પોતાના રાજય મંત્રીમંડળમાં આવાં ગુનાઈત તત્વો બેઠેલાં છે એ બાબત સિફતપૂર્વક ભૂલી જાય છે. મોદી મંત્રીમંડળનાં સદસ્ય ડો. માયાબેન કોડનાણીને ૨૦૦૨નાં નરોડા પાટિયા કોમી રમખાણોમાં ગુનેગાર ઠેરવાયાં હતાં અને અત્યારે તેઓ આજીવન કારાવાસ ભોગવી રહ્યાં છે. બાબુભાઈ બોખીરિયાને તો ખનિજ માફિયા તરીકે ત્રણ વર્ષની સજા થઈ હોવા છતાં તેઓ મંત્રી મંડળમાં ચાલુ છે. પુરુષોત્તમ સોલંકી સામે પણ 'ભાઈ'ને છાજે એવી અંધારી આલમની ઓળખ અને આક્ષેપો છે. મોદીએ ઉમેદવારોની વિજયક્ષમતાને અને જ્ઞાતિને ધ્યાને લઈ આવી ગુના પ્રવૃત્તિ સામે પોતે જ આંખમિચામણાં કર્યા છે અને પ્રજાને હવે તેઓ ગુનાખોરી મુકત સંસદ આપવાની સૂફિયાણી વાતો કરે છે. ભાજપ અને એનડીએના ઉમેદવારો પણ ગુનાઈત પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હશે તો તેઓ એમને છોડશે નહીં, એવી જાહેરાત કરે છે અને કહે છે કે સત્તા ઉપર આવ્યા પછી એમનું પહેલું કામ નવા સાંસદો સામેના અનિર્ણીત ફોજદારી કેસોમાં તપાસ માટેની પેનલ રચવાનું હશે. પોતે રાજકારણમાં વ્યાપેલી ગુનાખોરી દૂર કરવા માટે આવ્યા હોવાનું કહેનાર મોદીએ ચૂંટણી માટેના ઉમેદવારોના ચયન સમયે આવી ચોખલિયા વૃત્તિ દાખવી હોત તો જરૂર એમના દાવાને લોકોએ ગંભીરતાપૂર્વક લીધો હોત. પરંતુ પોતાની પાર્ટીના કે સાથી પક્ષોના ઉમેદવારોની પસંદગીમાં તો માત્ર અને માત્ર એ જીતી શકે એમ છે કે નહીં, તે જ મુદ્દો ધ્યાને લેવાયો છે, તે પ્રજાથી અજાણ્યું નથી રહ્યું. વાઈકો જેવા રાષ્ટ્રવિરોધી નેતા સાથે ગઠબંધન કરવામાં કે ગિલાની જેવા અલગતાવાદી નેતા સાથે કહેવાતી ગોપનીય સંધિ કરવાની ઓફર મોકલવામાં એમને પેલું ચોખલિયાપણું આડે નથી આવ્યું. પરંતુ પ્રજા વચ્ચે જઈને ગુનાખોર સાંસદોના અનિર્ણીત કેસોનો જલદી નિકાલ કરવા તેઓ સુપ્રીમ કોર્ટને અનુરોધ કરવાના છે, એવું વચન આપે છે. સુપ્રીમ કોર્ટ તો એની મેળે કામ કરે જ છે અને ન્યાયપાલિકાની સક્રિયતાને કારણે તો આવાં તત્વોને એમની કરમકુંડળી જાતે જ ચૂંટણીપંચ સમક્ષ રજૂ કરવી પડે છે.

# નિસર્ગ સાયન્સ સેન્ટરે ધરતી દિવસ મનાવ્યો ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધાઓ યોજી

ગાંધીનગર, તા. ૨૨

શહેરમાં આજરોજ ધરતી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા કુદરતી સ્ત્રોતોનું રક્ષણ એજ ધરતીનું સંરક્ષણ અને હરિયાળા શહેરો અને હરિયાળી ધરતી વિષય પર વક્તૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

નગરના સેકટર-૨૩ સ્થિત અને સાયન્સ વિષય પર કાર્ય કરતી નિસર્ગ સાયન્સ સંસ્થા દ્વારા આજરોજ ધરતી દિવસની ઉજવણી અંતર્ગત ચિત્ર સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ભૂપેન્દ્ર પટેલ, વૈજ્ઞાનીક મદદનીશ, નૈનિષ કાપડિયા, અધિકારી, નરેશ ઠાકર અને ટ્રસ્ટી ડો. અનીલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

કુદરતી સ્ત્રોતોનું રક્ષણ એજ ધરતીનું સંરક્ષણ વિષય પર વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં શહેરની અલગ-અલગ શાળાની ૧૨ વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. વિદ્યાર્થીનીઓએ ધરતી વિશેના પોતાના મંતવ્યો રજુ કરી ઉપસ્થિત મહાનુભાવોને દંગ કરી દિધા હતા. આ સંસ્થામાં પ્રથમ પંક્તિ પ્રજાપતિ, બીજા કાવ્યા પટેલ અને ત્રીજા સ્થાને રિયા ગાંધી વિજેતા થયા હતા. વિદ્યાર્થીઓને ૪૦૦, ૨૦૦ અને ૩૦૦ રૂપિયાનું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું.

તેમજ હરિયાળા શહેરો અને હરિયાળી ધરતી વિષય પર ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં ૧૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ નીકી અમીન, બીજા રિયા ગાંધી અને ત્રીજા સ્થાને નેત્રા અલમોલા અને જહાન્વી નિનામાને સંયુક્ત વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા હતા.

ધરતી દિવસને મનાવવા અને પોતાની શાળાના વિદ્યાર્થીઓ ધરતી વિશેની માહિતી મેળવી જાગૃત થાય તે માટે આદર્શ નિવાસી શાળા અને આદિજાતિ કન્યા શાળા સેક્ટર-૬ના આચાર્યા બિનલ વૈષ્ણવ શાળાના તમામ વિદ્યાર્થીઓને લઈ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ અને મીત પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.



ટાઉનહોલ ગાંધીનગર ખાતે પોલીટેકનીક કોલેજ દ્વારા વાર્ષિક કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં વિદ્યાર્થીઓએ ગીત, નૃત્ય, નાટક વિગેરે રજુ કર્યા હતા. વિદ્યાર્થીઓ અને વાલીઓથી ખીચોખીચ ભરેલા આ કાર્યક્રમમાં અનુશાસનનો અભાવ હતો. બાળકોએ પોતાનુ પુરેપુરૂ કલા પ્રત્યેનું સમર્પણ બતાવ્યુ હતુ. પણ ચિક્કાર હોલમાં ચીચીયારીઓ, સીટીઓ અને અશ્લિલ મશ્કરીઓથી વાલીઓ શરમીંદા થયા હતા. એકંદરે કાર્યક્રમમાં ભાગ લેનાર સારા હતા પણ શિસ્તનો અભાવ હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

# બીએડ કોલેજોમાં ૯૫૦૦ બેઠકો સામે ૨૫૦૦ ફોર્મ

### પ્રવેશ પ્રક્રિયા શરૂ કરાયા બાદથી હજુ સુધી ૪૦૦૦ ફોર્મનું વેચાણ : ખુબ ઓછા ફોર્મ ભરાતા તર્ક-વિતર્કનો દોર શરૂ

અમદાવાદ, તા. ૨૨

બીએડની ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ૯૦થી વધુ કોલેજોની ૯૫૦૦ બેઠક પર પ્રથમ તબક્કાની પ્રવેશ પ્રક્રિયામાં વિદ્યાર્થીઓ તરફથી મોળો પ્રતિસાદ મળ્યો છે. સ્નાતક, અનુસ્નાતક, ગત વર્ષે બીએડમાં પ્રવેશથી વંચિતિ રહેલા વિદ્યાર્થીઓ માટેની પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ૨૫મી માર્ચથી ફોર્મ આપવાની પ્રક્રિયા શરૂ કરાઈ ત્યારથી ૨૨મી એપ્રિલ સુધીમાં ૪૦૦૦ ફોર્મનું વેચાણ થયું છે, જ્યારે લગભગ ૨૫૦૦થી વધુ ફોર્મ ભરાયા છે.

બીએડની કુલ બેઠકોની સામે પ્રવેશ માટે વેચાયેલા ફોર્મ તથા ભરાયેલા ફોર્મની સંખ્યા ખૂબ જ ઓછી હોવાથી તર્કવિતર્ક શરૂ થયા છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટી દ્વારા સંલગ્ન ૯૦થી વધુ કોલેજોની ૯૫૦૦ બેઠકો પર પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જો કે પ્રથમ તબક્કાની પ્રવેશ પ્રક્રિયામાં વિદ્યાર્થીઓ તરફથી ખુબ મોળો પ્રતિસાદ સાંપડ્યો છે. બીએડની ૯૫૦૦ બેઠકો સામે માત્ર ૨૫૦૦ ફોર્મ જ ભરાતા બીએડ કોલેજોના વળતા પાણી શરૂ થયા હોવાના અનુમાનો કરાઈ રહ્યા છે. કો-ઓર્ડિનેટર ડો.આરએસ પટેલના જણાવ્યાનુસાર, પ્રથમ તબક્કાની પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત કુલ ૨૫૦૦થી વધુ પ્રવેશ ફોર્મ ભરાઈને આવ્યા છે.

હવે તેની ત્રણ તબક્કામાં ચકાસણી કરીને પ્રોવિઝનલ મેરિટ લીસ્ટની જાહેરાત ૨૦મી મેના રોજ થશે, જ્યારે ૨૫મી મેના રોજ બીએડ શાખામાં પ્રવેશ માટેના ફાઈનલ મેરીટ લીસ્ટની જાહેર કરાશે. મે મહિનાના અંતથી જૂન મહિનાના પ્રથમ સપ્તાહમાં પાંચમી જૂન સુધીમાં અગાઉ પાસ થયેલા વિદ્યાર્થીઓને પ્રવેશ પ્રક્રિયામાં આવરી લેવાશે. ઉલ્લેખનીય છે કે બીએડ શાખાની કોલેજોની બેઠક પરની પ્રવેશ પ્રક્રિયાના પ્રથમ તબક્કામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રવેશ ફોર્મનું વેચાણ તેમ જ પ્રવેશ ફોર્મ ભરાઈને પ્રમાણમાં ઓછા આવ્યા છે ત્યારે પીટીસી કોલેજોની જેમ રાજ્યમાં બીએડ કોલેજોના પણ વળતા પાણી શરૂ થયા હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે.

# પરીક્ષા પૂર્ણ છતાંય શાળા ચાલુ રાખવાને લઈ હવે ઉગ્ર વિવાદ

### સ્કુલ રીક્ષાચાલકોએ બાળકને લઈ જવાનું એકાએક બંધ કર્યું : વેકેશનમાં સ્કુલ ચાલુ રહેતા રીક્ષાચાલકોનો વિરોધ

અમદાવાદ, તા. ૨૨

અમદાવાદના નિર્ણયનગર નજીક આવેલ સ્વામિનારાયણ વિદ્યા સંકુલ દ્વારા પરીક્ષા પુરી થયા બાદ પણ શાળા ચાલુ રાખવા વિવાદ સર્જાયો છે. આ અંગે હવે સ્કુલ રીક્ષા-વાન ચાલકોએ વિરોધ નોંધાવ્યો છે.

રીક્ષા વાન ચાલકોએ એક સંપ થઈને વિદ્યાર્થીઓને સ્કુલે નહીં લઈ જવાનો નિર્ણય કર્યો છે જેના કારણે વાલીઓ પરેશાન થઈ ગયા છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ બાળકોને અમદાવાદ નિર્ણયનગર ખાતે સ્વામિનારાયણ વિદ્યા સંકુલ આવેલ છે. આ શાળામાં બાળકોને રિવિઝન કરાવવા માટે પરીક્ષા પુર્ણ થઈ ચુકી હોવા છતાં ૨૮ એપ્રિલ સુધી પરીક્ષા ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

જો કે શાળામાં ઉનાળુ વેકેશન પડી ગયું હોવાથી અમે બાળકોને શાળાએ નહીં લઈ જઈએ તેમ કહીને સ્કુલ રીક્ષા વાન ચાલકોએ એક સંપ થઈને બાળકોને શાળાએ ન લઈ જવાનો નિર્ણય કર્યો છે. બીજી બાજુ શાળાના સંચાલકોએ આ અંગે હાથ અધ્ધર કરી લેતા વાલીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. આ અંગે એક વાલીએ જણાવ્યું હતું કે સ્કુલવાનના ચાલકો વેકેશનના પણ પૈસા લઈ લે છે પરંતુ એપ્રિલ મહિનામાં બાળકોને શાળાએ નહીં લઈ જવાનું કહીને વાલીઓ સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કરી રહ્યા છે.

આ મામલે શાળા સંચાલકોને વારંવાર રજુઆત કરવામાં આવી હોવા છતાં તેઓ સ્કુલવાન ચાલકો સામે કોઈ કાર્યવાહી કરતા નથી જેના કારણે વાલીઓએ પરેશાન થવું પડે છે. બીજી બાજુ આ અંગે શાળાના આચાર્ય સોનલબહેન દેસાઈનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે બાળકોના બાળકોનો એડવાન્સમાં રિવિઝન કરાવતા શાળા દ્વારા આયોજન કરાયું છે પરંતુ સ્કુલવાન ચાલકો એક થઈ જતાં વાલીઓની પરેશાની વધી છે.

## હરિની દૃષ્ટિ...



બાબાજી કહે છે, એમને ખાતું આપવાનું વચન આપો તો જ, આપણો ઉમેદવાર જીતે તેવા આશિર્વાદ આપે !!

# ગ્રામ ભારતી પાસેના પુનિતધામ જૈન તીર્થમાં પંચાહિકા મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર-મહુડી હાઈવે પર આવેલ પુનિત ધામ જૈન તીર્થ ખાતે શ્રી સીમંધરસ્વામી જિનાલયની પાંચમી સાલગીરી અને વર્ષીતપના પારણા નિમિત્તે પંચાહિકા મહોત્સવ ઉજવવામાં આવશે.

ગાંધીનગર-મહુડી હાઈવે પર ગ્રામ ભારતી ચાર રસ્તા પાસે આવેલ શ્રી પુનિતધાન જૈન તીર્થ ખાતે વૈશાખ સુદ-૩ તા. ૨, મે શુક્રવાર અખાત્રીજ દિવસે કાર્યક્રમ યોજાશે. સવારે ૭ વાગે પૂજય ગુરુદેવના પાવન મુખેથી માંગલિક પ્રવચન આપવામાં આવશે તેમજ શ્રી આદિનાથ પરમાત્માને ઈક્ષુરસથી પક્ષાલ આદિના ચઢાવા અને તપીતપના તપસ્વીઓને પારણા કરાવવામાં આવશે.

વૈશાખ સુદ-૪ શનિવારના રોજ વિજાપુર મહિલા મંડળની મહિલાઓ દ્વારા પંચ કલ્યાણક પૂજા કરાવી મહોત્સવનો પ્રારંભ થશે. તેમજ પીસ્તાલીસ આગમ મહાપૂજા, પરમાત્મા આદિના અઢાર અભિષેક, સત્તર ભેદી પૂજા, સીમંધરસ્વામીઆદિ પરમાત્મા, ગુરુદેવો શાસનાદિષ્ઠાયક દેવ-દેવીની ધજા આરોહણ કરવામાં આવશે.

પંચહિકા મહોત્સવમાં શ્રીમદ્ બુધ્ધિસાગર સુરીશ્વરજી મહારાજા, શ્રીમદ્ કિતીસાગરસુરીશ્વરજી મહારાજા, શ્રીમદ્ કૈલાસસાગર સુરીશ્વરજી મહારાજા, શ્રીમદ્ સુબોધ સાગર સુરીશ્વરજી મહારાજા, શ્રીમદ્ કલ્યાણકારી સુરીશ્વરજી મહારાજા અને શ્રી જય કિર્તી સાગરજી મસા દિવ્યાશીર્વાદ દાતા તરીકે ઉપસ્થિત રહેશે.

# શિવરંજની વર્ષ ૨૦૧૪-૧૫ સભ્યપદ મેળવવા ખાસ અનુરોધ

ગાંધીનગર, તા. ૨૨

શિવરંજની સંસ્થાના ગુણીજન સભ્યશ્રીઓએ ગત વર્ષ 'નવપલ્લવિત દશાબ્દિ વર્ષ' તરીકે માણ્યું અને ગત વર્ષ દરમિયાન યોજાયેલ કાર્યક્રમો હજી ગુણીજનોના સ્મરણ પર રમી રહ્યા છે ત્યારે આવી જ કક્ષાના કાર્યક્રમો નવા વર્ષ ૨૦૧૪-૧૫માં પણ માણવાનું આયોજન કરી શકાય તે માટે ખૂબ જ મહત્વની એવી સભ્યપદ મેળવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ગાંધીનગરના તમામ ગુણીજનોને શકય તેટલા વહેલા સંસ્થાનું સભ્યપદ તાત્કાલિક રીન્યુ કરાવવા તથા અન્ય ગુણીજનોને પણ સંસ્થા સાથે જોડીને 'શિવરંજની' સંસ્થાના સભ્યપદની સંખ્યામાં વધારો થાય તે માટેનો એક નૈતિક સહકાર ગુણીજનો કરશે તેવી અપેક્ષા સાથે અનુરોધ છે.

આ તબક્કે ઉલ્લેખનીય છે કે સંસ્થાનો નવા વર્ષનો પ્રથમ કાર્યક્રમ લોકસાહિત્યના મહારથી શ્રી ભીખુદાન ગઢવી (જૂનાગઢ)નો ડાયરો નક્કી થયેલ છે જે ટૂંક સમયમાં જ યોજાશે.

# તમાકુ-ધૂમ્રપાનથી થતી અસરો પર કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

સેન્ટર ફોર સ્ટડી ઈન સોશ્યલ મેનેજમેન્ટ, સ્કૂલ ઓફ સોશ્યલ સાયન્સ સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત દ્વારા તમાકુ અને ધૂમ્રપાનથી થતી માનવશરીર પરની અસરો અને નિવારણ પર આજરોજ યુનિવર્સિટીના મલ્ટીપર્પસ હોલ ખાતે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

જેમાં ડૉ. ઉમેશ ચન્દ્રસિંઘ યાદવ આસીસ્ટન્ટ સ્કૂલ ઓફ સાયન્સ, ડૉ. વિરલ શાહ એપોલો હોસ્પિટલ ગાંધીનગર અને વિજય મોહન ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત તજજ્ઞો દ્વારા ઉપરોક્ત વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ તેનાથી થતા રોગોની મસજ પુરી પાડી હતી.

# લગન સંબંધ જોડનારા કે તોડનારા વચેટીઆઓથી સાવધાન...

## સમાજ ચિંતન

- પોપટલાલ પ્રજાપતિ

પરેશ સામાન્ય પરિસ્થિતિનો મધ્યમવર્ગીય પરીવારનો એકનો એક દીકરો હતો સ્વભાવે ખૂબ સરળ અને શરમાળ પ્રકૃતિનો હતો. સમજો કે રંગે રૂડો, રૂપે પૂરો, કોડીલો કોડામણો યુવાન હતો, પણ સૌથી મોટી નબળાઈ આર્થિક ખેંચ... એક ફેકટરીમાં નોકરી કરી પગભર થવા મથામણ કરતો. આ યુવાન ઉંમર લાયક થયો છતાં કયાંયથી માગુ ન આવ્યું અને તેના માતા-પિતાને મૂંઝવણ થવા લાગી. હવે તો સંબંધ માટે સંસ્કારની નહી પણ બાહ્ય ઠઠારાની જરૂર પડે છે. ઘરમાં પુત્રવધુ લાવવા માટે તેમણે સમાજમાં ઘણી કન્યાઓ જોઈ પણ આર્થિક નબળું પાસુ આડે આવતું હતું. છેવટે તેમણે એક દલાલનો સંપર્ક કર્યો. કરીયાણા બજાર કે શેરબજારનો દલાલ નહી પણ એવો દલાલ કે જે યુવક/યુવતિના લગ્ન કરાવી આપવામાં કે છુટાછેડા કરાવી આપવામાં પારંગત હોય. સમાજમાં આ ધંધો પણ હવે વિકસતો જાય છે. પોતાની ફી વસુલ કરી બે પાત્રોનો મેળાપ તેઓ કરી આપે છે. ફકત મેળાપ... પછીની કોઈ જવાબદારી નહી.. તેઓ આધેડ વયના પુરુષો માટે જુવાન જોધ કન્યાનો મેળ કરાવી આપવાની ક્ષમતા પણ ધરાવે છે. તેમને સારું પાત્ર મળે તો તમારું નસીબ, નહી તો ભોગ તમારા... પરેશના પરિવારને આવા જ એ દલાલનો ભેટો થયો.. તેણે આશ્વાસન આપ્યું કે તમારા દીકરા માટે સારી કન્યા શોધી આપીશ દલાલ સેવંતીલાલ (નામ બદલેલ છે)ને બહુ મથામણ કરવી ન પડી. આવા પાત્રો તેમની આંગળીના ટેરવે હોય છે. એક દિવસ એક સુંદર કન્યા લઈ સેવંતીલાલ આવી ચઢ્યા. પરેશના પરીવાર સાથે તેની મુલાકાત કરાવી. કન્યા દેખાવડી હતી. પરેશના મનમાં પણ કન્યા વસી ગઈ. બંનેના ઘડીયા લગ્ન લેવાના નક્કી થયા પણ આ માટે રૂા. એક લાખ એકાવન હજારમાં સોદો નક્કી થયો. જે લગ્ન પહેલાં દલાલને આપવાના હતા. પરેશના પપ્પાએ ઉછીના પાછીના કરીને માંડ માંડ આટલી રકમ ભેગી કરી દલાલને આપી... પરેશના પરીવારમાં આનંદનો પાર ન હતો, છેવટે સુંદર કન્યા નસીબ લાગી ખરી... ઉપરવાળો છે સૌનું સારું જ કરે છે.. એક ધાર્મિક સ્થળે લગ્ન વિધિ કરવાનું નક્કી થયું. પરેશનો પરીવાર અને સગાવહાલા સજીધજીને લગ્ન કરાવવા તૈયાર થયા. જાનડીયાઓ લગ્નના મધુરા ગીતો ગાઈ આનંદ વ્યકત કરી રહી હતી. સમય વિતતો ગયો, મુહુર્ત પણ વિતી ગયું પણ કન્યા પક્ષવાળા કોઈ દેખાયા નહી, સમાચાર મળ્યા કે કન્યા લગ્ન કરવાની ના પાડે છે. વરપક્ષ માથે જાણે વીજળી તૂટી પડી, જાણે પગ નીચેથી ધરતી સરકવા લાગી, આસમાન ડોલવા લાગ્યું... સૌએ પૂછ્યુ પણ કારણ શું? અમે રોકડા પૈસા તો ચુકવી દીધા? કારણ કંઈ નહીં, બસ કન્યા લગ્ન કરવા માગતી નથી. દલાલનો સંપર્ક કરવામાં આવ્યો તો સ્વીચ ઓફ આવતી હતી... પરેશના સગાવહાલા સમજી ગયા.. આપણી સાથે ચીટીંગ થઈ ગયું.. દોઢ લાખ રૂપિયામાં કન્યાનો વેપાર થઈ ગયો.. પણ ગરીબનું સાંભળે કોણ? ગરીબો માટે ન્યાયના દરવાજા પણ બહુ છેટા હોય છે...

સમાજમાં જેમ જેમ સમસ્યાઓ સર્જાતી ગઈ તેમ તેમાંથી વ્યાપાર કરી લેવાની વૃત્તિવાળા દલાલો પણ ફાલતા ગયા. કેટલાકે મન મનાવ્યું ભગવાન કરે તે સારા માટે... થોડામાં પત્યુ નહીંતર ઘરે આવીને મોટી મતા હાથવગી કરી ગઈ હોત કે છોકરાને કંઈ ખવડાવી દીધું હોત તો? લોકોની મજબૂરીનો લાભ ઉઠાવનારા ઠગ અને ધુતારાઓની સમાજમાં કયારેય ખોટ પડી નથી.

આવો જ એક બીજો કિસ્સો સમાજની આંખ ઉઘાડવા માટે પૂરતો છે. એક ઉચ્ચ મધ્યમવર્ગીય પરીવારનો દીકરો માનસિક નબળો પણ પિતાને એવી હોંશ કે મારા દીકરા માટે સારી કન્યા શોધી લાવું તો જ ખરો. તેના માટે કન્યાની શોધખોળ આરંભાઈ એક ગરીબ કન્યા કે જેના માતા-પિતા ગુજરી ગયા હતા. ભાઈ-ભાભીના હવાલે ઉછરતી હતી. તે ઉંમર લાયક થતાં વચેટીયાઓ મારફત તેનો સોદો નક્કી થયો. લગ્નનો બધો ખર્ચ આપી કન્યા લઈ જવાની. બંનેના લગ્ન એક સમાજિક સંસ્થા દ્વારા કરાવી અપાયા. પાંચ-છ મહિના કન્યા સાસરે રહી અને એક દિવસ યુવતિ પિયર જવાના બહાને ગઈ, જે ફરી કદી પાછી ન ફરી... ત્રણ વર્ષ થયા બાઈ નથી પિયરમાં કે નથી સગાવહાલાને ત્યાં.. શું આમાં કોઈ દલાલ ગેમ રમી ગયો હશે?

આજે સંયુકત સમાજમાં આ પ્રકારની ઘટનાઓનું પ્રમાણ વધતું જાય છે દુઃખદ બાબત એ છે કે કોઈપણ સમાજમાં બનતી આવી ઘટનાઓ સામે સમાજના આગેવાનો આંખ આડા કાન કરે છે... જેની સાથે છેતરપિંડી કે બનાવટ થાય છે, તેની પડખે ઉભા રહી તેને ન્યાય અપાવવા કોઈ પ્રયત્ન કરતું નથી. અમોને કયાં પૂછ્યું હતું ના મિથ્યાભિમાનમાં સમાજમાં આવા પ્રદૂષનો વધતા જાય છે. આજે સ્ત્રીઓનો એક વર્ગ એવો પણ છે જે મુકત રીતે ફરવામાં કે મોજશોખમાં વિશેષ રૂચિ ધરાવે છે. ગ્લેમર પ્રત્યે આકર્ષાઈ તેના આંધળા અનુકરણમાં કયારેક આવા દલાલોની રમતના શિકાર બની જતી હોય છે. પહેલા સંયુકત કુટુંબમાં પણ દામ્પત્ય જીવન નભી જતા. હવે પોતાની રીતે અલગ રહેતા હોવા છતાં છુટાછેડાનું પ્રમાણ વધતું જાય છે. કયારેક બંને પાત્રો નોકરી કરતા હોય તેના કારણે પણ જીવન કલેશમય બની જાય છે. પોતે પગભર છે અને માનસિકતા દામ્પત્યજીવનમાં કયારેક બાધારૂપ નીવડે છે. સ્ત્રીઓના હક્કો માટે જેમ જેમ કાયદા બનતા ગયા તેમ સમસ્યાઓ પણ વકરતી ગઈ. ફરિયાદો બંને પક્ષે હોઈ શકે પણ સમાધાનની કોઈ તૈયારી હોતી નથી. બંનેને કાયદાની ઝંઝટમાંથી બચાવવાનું બહાનું બતાવી વચેટીયાઓ પોતાની કરામત કરી જતા હોય છે. બે પાત્રોને છુટા કરાવી પોતાનું ભરણપોષણ જોગ મેળવી લેતા હોય છે. એક વ્યક્તિને પૂછ્યું તમે શો ધંધો કરો છો? તેણે કહ્યું બસ સેવા કરીએ છીએ. છુટાછેડાના કેસોની પતાવટ કરાવવાનું કામ કરું છું. અને તેમાંથી ભરણપોષણ થઈ રહે છે...

વધુ એક કિસ્સો જાણી લો... ૬૫ વર્ષના એક આધેડને પાછલી જિંદગીમાં સહારાની જરૂર પડી. સુખ-દુઃખમાં પડખે રહી શકે તેવા પાત્રની જરૂર હતી. એક દલાલે તેના માટે ૩૫ વર્ષની કન્યા શોધી આપી. કાકાને તો જાણે જિંદગીનું ઉત્તમ સુખ મળી ગયું.. એક મહિનામાં તે યુવતિએ કાકાનો પ્રેમ જીતી લીધો. કાકાએ તિજોરીની ચાવી તેને સુપરત કરી દીધી. એક દિવસ કાકાને રાતભર જિંદગીની મજા લુટાવા દીધી. કાકા ભરનીંદરમાં હતા અને કાકી દાગીના, રોકડ બધુ સાફ કરી પલાયન થઈ ગઈ. યુવતિ કયાંની હતી? કોણ હતી? કોને ખબર? બસ દલાલનું તો કામ થઈ ગયું? દુનિયા જખ મારે છે... કાયદો કયાં કોઈનું બગાડી નાખે છે? અને એકવાર લુટાયા પછી તેના ધજાગરા કરવાનું કોને ગમે?

સમાજમાં બનતી આવી ઘટનાઓ પ્રત્યે લોકોએ સાવધાન થવાની જરૂર છે. પણ ના, છેતરાવા માટે તો લોકો કતારો લગાવે છે અને સમાજમાં આવા મુઢમતિ લોકો નહી હોય તો પછી દલાલોનું ભરણપોષણ કઈ રીતે થશે?